# આમોદના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રટ ફર્સ્ટ કલાસ સાહેબ ની કોર્ટમાં, મું. આમોદ

ફોજદારી કેસ નંબર :– ૧૪૮૨/૨૦૨૨
આંક :–

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપી :– (૧) ઈબ્રાહીમ અહમદ સુરતી,
(૨) અહમદ યુસુફ વૈદ,
(૩) ઈસ્માઈલ વલી પટેલ,
(૪) ગુલામ યાકુબ પટેલ,
(૫) શબ્બીરભાઈ દુલભાભાઈ મલેક,
(૬) ઈકબાલ વલી પટેલ,

**ગુનો :– જુગાર ધારા કલમ–૧૨ મુજબ**

## :: ચુકાદો ::

**૧.** સદર કામનુ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. હાલના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીઓએ જુગાર ધારા કલમ–૧૨ હેઠળનો ગુનો આચરેલ હોય તે અંગે ફરીયાદી દવારા ધોરણસરની ફરીયાદ દાખલ કરેલ અને ત્યારબાદ આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતાં આરોપીઓ સામે હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં અત્રેની અદાલત દવારા આરોપીઓ સામે પ્રોસેસ કરવાનો હુકમ કરેલ અને આરોપીને યોગ્ય રીતે બજવણી થઈ જતાં આરોપી હાજર થયેલ છે આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

**૨.** ઉપરોકત ગુના અંગે આરોપીઓએ તેનો ગુનો કબુલ કરી ગુના અંગે લેખિત કબુલાત પુરસીસ આપી જણાવે છે કે આ તેમનો પ્રથમ ગુનો છે. ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે કાયદાના અજ્ઞાનને લીધે તેમનાથી ગુનો થઈ ગયેલ છે તેથી ભવિષ્યમાં આવો ગુનો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી છોડી મુકવા અરજ કરેલ છે. આરોપીઓ તરફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત

પુરસીસ સ્વૈચ્છિક હોઈ તે નોંધી,પરંતુ આરોપીની કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેથી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપીઓ રાજીખુશીથી ગુનો કબુલ કરે છે તેવી કોર્ટે ખાત્રી કરેલ છે. વધુમાં, આરોપીઓ તથા તેમના વિ.વ.શ્રીની રજુઆત છે કે આરોપીઓ ગરીબ વર્ગના છે અને તેમની પ્રતિકુળ સામાજીક પરિસ્થીતીને કારણે તેઓ આ પ્રકારનો ગુન્હો કરી બેઠેલા છે. વધુમાં રજુઆત છે કે આરોપીઓ રોજે–રોજ કમાય છે અને રોજે–રોજ ખાય છે અને કોરોના મહામારી બાદ રોજગારી મેળવવામાં મુશ્કેલી થાય છે જેથી હળવો દંડ કરવા અરજ ગુજારેલ છે.

**૩.** વધુમાં સદર કામે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને લેતાં આરોપીઓ વિરુધ્ધ પોતાના અંગત ફાયદા સારુ જુગાર રમી રમાડી પકડાઈ ગયેલ હોવાનો આક્ષેપ છે. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરીયાદી, સાહેદ પંચો વિગેરેનાઓને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે તો આરોપીઓને સજા થાય. ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે આરોપીઓને સજા અંગે ન્યાયીક નિર્ણય કરવામાં આવે તેના બદલે જો આરોપીઓ હાલનો ગુનો કબુલ કરે છે ત્યારે તેણે ગુના કબુલ સંદભે રજુ કરેલી હકીકતોને સાથે સરકાર તથા કોર્ટનો સમય બચે છે જે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે સ્વેરછાએ ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો તથા પરિસ્થિતિઓને ધ્યાને લઈ દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે.ઉપરોકત સંજોગોને ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપીનાઓને જુગાર ધારા કલમ–૧૨ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી દરેક આરોપી દિઠ રૂપિયા ૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) કુલ્લે રૂા.૬૦૦/– (અંકે રૂપિયા છસો પુરા)નો દંડ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

આ કામે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવી. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ તથા એકટીવા અંગે અગાઉ જો વચગાળો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે. જો અગાઉ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો જરૂરી ખરાઈ કરી તેના માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે અન્ય મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ

કરવો.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૩

મુ.આમોદ

**(કે.એમ. ગઢવી)**

જયુડી.મેજી.ફ.ક., આમોદ.

જજ કોડ જીજે૦૧૫૫૫